નગરપાલિકા વિસ્તારમાં વિદ્યુત/ગેસ
આધારીત સ્મશાનગૃહો બનાવવા સહાયક
અનુદાન આપવા અંગે - કૈલાસધામ યોજના.

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ
ઠરાવ નં. વસમ/૧૧૨૦૧૦/SF-૬૧/ધ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૧/૧૨/૨૦૧૧

વંચાણે લીધા : શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો તા. ૫-૧-૨૦૦૭નો ઠરાવ નં. વસભ-૧૧૨૦૦૬-૪૦૫૮-૨

ઠરાવ :

આમુખમાં દર્શાવેલ તા. ૫-૧-૨૦૦૭ના ઠરાવથી રાજ્યની નગરપાલિકા વિસ્તારમાં વિદ્યુત/ગેસ આધારિત સ્મશાન ગૃહો બનાવવા માટે સહાયક અનુદાન આપવા અંગેની કૈલાસધામ યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

૨. નગરપાલિકા વિસ્તારમાં આવેલ સ્મશાનગૃહોના આધુનિકરણ કામો માટે ઉપરની યોજના હેઠળ સહાયક અનુદાન આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાના અંતે સરકાર નગરપાલિકા વિસ્તારમાં નગરપાલિકાની માલિકીના સ્મશાનગૃહોના આધુનિકરણ માટે નીચે પ્રમાણેની સહાય આપવાનું ઠરાવે છે.

| નગરપાલિકાનો ખર્ચ | નગરપાલિકા દીઠ મળવાપાત્ર સહાયક અનુદાનની રકમ (લાખમાં) |
|---|---|
| અ | ૨૫ |
| બ | ૨૦ |
| ક | ૧૫ |
| ડ | ૧૫ |

3. સ્મશાનના આધુનિકરણ માટે નીચે મુજબના કામો કરી શકાશે.

1) જમીન સમતળ કરવાનું કામ
2) કંપાઉન્ડ વોલ,
3) એન્ટ્રેસ પોર્ચ ગેટ સાથે.
4) ઓફીસ રૂમ, વોટરકુલર રૂમ એન્ડ મ્યુઝીક રૂમ.
5) ભગવાનની મૂર્તિ,ગ્લાસ કેબિનેટ સાથે.

ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડ
ગાંધીનગર.
27 DEC 2011
ઈનવર્ડ નંબર :........

C:\Program Files\IPMsg\kailashdham yojna.doc

6) સ્ટાફ ક્વાટર્સ (ચાર)

7) ડેડ બોડી અંતિમ સ્નાન પ્લેટ ફોર્મ (સ્વજનોને બેસવાની વ્યવસ્થા સાથે)

8) વુડન સ્ટોર રૂમ

9) લાકડાની ચીતા કેચી તથા છત સાથે (ત્રણ નંગ)

10) પ્રાર્થના હોલ

11) વોટર ટેંક અને પંપ હાઉસ.

12) પાર્થ વે વીથ પેવીંગ

13) ગાર્ડનીંગ

14) વનીકરણ તથ પાર્કિંગ વ્યવસ્થા

15) ગરમ પાણી માટે સોલાર સિસ્ટમ

16) ટોઈલેટ બ્લોક વીથ સાવર બાથ

17) બાળકો માટે સ્મશાંત ગૃહ વિકાસ સ્મૃતિવન સાથે

18) એંટ્રી આર.સી.સી. રોડ.

19) લાઈટ સીસ્ટમ.

20) મેઈન રોડ તથા ફરતા રોડના ફ્લોરીંગનું કામ

21) ગ્લાસ મોજેક-પ્રેયર હોલ માટે

22) અન્ડરગ્રાઉન્ડ પાઈપલાઈનની પાઈપો વિ.સામાન તથા મજૂરી

૪. આ અનુદાન મેળવવા માટે કરવાનાં થતા કામોના નક્શા તથા અંદાજો તૈયાર કરી તાંત્રિક મંજુરી સહિતની દરખાસ્ત ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડની વહીવટી મંજુરી તથા ગ્રાંટ ચુકવણી માટે કલેક્ટરશ્રીના અભિપ્રાય સહ ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડને મોકલવાની રહેશે.

સ્મશાનગૃહ નગરપાલિકાની માલિકીનું છે તે અંગેના આધાર-પુરાવા રજુ કરવાના રહેશે. નગરપાલિકા હસ્તકના એક કે તેથી વધુ સ્મશાન ગૃહોમાં સુધારણાની કામગીરી ઉપર જણાવેલ અનુદાનની મર્યાદામાં હાથ ધરી શકાશે. અનુદાનની મર્યાદા ઉપરનો ખર્ચ નગરપાલિકાએ લોકભાગીદારીથી તથા સ્વભંડોળમાંથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.કે. શર્મા)
સેક્શન અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

C:\Program Files\IPMsg\kailashdham yojna.doc

પ્રતિ,

નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર

માન.અધ્યક્ષશ્રીના સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

માન.મંત્રીશ્રી (શ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

અગ્રસચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ. સચિવાલય, ગાંધીનગર

સર્વે અધિકારીશ્રી, શ.વિ. અને શ.ગૃ.નિ.વિ. સચિવાલય, ગાંધીનગર.

મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગર

કમિશ્નરશ્રી, ઈલેક્ટ્રીસીટી ઉદ્યોગભવન, ગાંધીનગર

નિયામકશ્રી નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય ગાંધીનગર

પ્રાદેશિક નગરપાલિકા નિયામકશ્રી, કલેક્ટર કચેરી કમ્પાઉન્ડ, રાજકોટ.

સર્વે કલેક્ટરશ્રી,

મુખ્ય અધિકરીશ્રી, સર્વે નગરપાલિકા.(નગરપાલિકા નિયામકશ્રી મારફત.)

એકાઉન્ટ જનરલ-૧ (ઓડીટ) ગુજરાત રાજ્ય , અમદાવાદ

એકાઉન્ટ જનરલ-૨ (ઓડીટ) ગુજરાત રાજ્ય, રાજકોટ.

સર્વે શાખા. શ.વિ. અને શ.ગૃ.નિ.વિ.. સચિવાલય, ગાંધીનગર.

પસંદગી ફાઈલ.

મદદનીશ પસંદગી ફાઈલ.